ગાંધીનગર સમાચાર
તા. ૫-૮-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

મોદીની વિજયયાત્રા

વડાપ્રધાનના શપથ સમારોહમાં સાર્ક દેશોના વડાઓને નિમંત્રિત કરવાનો વડાપ્રધાન મોદીનો નિર્ણય રાજકીય ક્ષેત્રે એમની કુનેહ અને દૂરંદેશી રૂએ ખૂબ જ વખણાયો હતો. પૂર્વ વિદેશમંત્રી કુંવર નટવરસિંહે સામે ચાલીને એમને પાડોશી દેશો સાથે સંબંધો વિકસાવવાની સલાહ આપી હતી. નરેન્દ્ર મોદીએ અમેરિકા જેવી મહાસત્તાની મુલાકાત લેતાં અગાઉ પ્રાદેશિક સ્તરે એક મજબૂત નેતા તરીકે ઊપસી આવવાનો વ્યૂહાત્મક અભિગમ અપનાવ્યો છે. એમને સાવ જ નગણ્ય ગણાતા ભુતાન જેવા હિમાલયન સ્ટેટને એમની પહેલી વિદેશયાત્રા માટેની પસંદગીનો દેશ બનાવ્યો.એ પછી 'બ્રિક્સ' રાષ્ટ્રોની શિખર પરિષદમાં ગયા ત્યાં પણ બ્રિક્સ બેંક બનાવવાની રજૂઆત કરી અને એના પ્રથમ અધ્યક્ષ તરીકે ભારતનું નામ નક્કી કરાવ્યું. આમ મોદી જયાં જાય છે ત્યાં છવાઈ જાય છે. એમને શ્રાવણના ચૈત્રી પંચાંગ મુજબના છેલ્લા સોમવારે નેપાળના વિશ્વ વિખ્યાત પશુપતિનાથ મંદિરમાં ભગવાન શિવનું પૂજન-અર્ચન કરીને એક સનાતન હિંદુ તરીકેની આસ્થા દર્શાવી એટલું જ નહીં, આગલા દિવસે નેપાળની સંસદ સમક્ષ ઐતિહાસિક પ્રવચન આપી સોમનાથ, કાશી વિશ્વનાથ અને પશુપતિનાથનો ત્રિવેણી સંગમ રચી દીધો. મોદી હવે એકલા ભારતના નેતા નથી, તેઓ વિશાળ ભારત અંગર્ગત આવરી લેવાયેલા જૂના આર્યાવર્તના પણ પ્રતિનિધિ છે. ભારતનું સમુચિત ગૌરવ સચવાય અને પાડોશી નાના દેશોને મદદરૂપ થવાય એવો પોઝિટીવ અભિગમ એમને ભારે લોકપ્રિયતા અપાવી રહ્યો છે. સત્તર વર્ષના લાંબા સમયગાળા પછી ભારતના વડાપ્રધાન નેપાળની અધિકૃત મુલાકાત પર ગયા છે. આઈ.કે. ગુજરાત પછી નરેન્દ્ર મોદીએ નેપાળને આ ગૌરવ આપ્યું છે. વચ્ચે નેપાળમાં યોજાયેલ સાર્ક શિખર પરિષદમાં ભાગ લેવા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ગયા હતા, પરંતુ એ વડાપ્રધાને લીધેલી અધિકૃત મુલાકાત ન ગણાય. નરેન્દ્ર મોદીએ 'બેરિયર'ને બદલે 'બ્રિજ' સંસ્કૃતિ વિકસાવવાની વાત કરીને નેપાળી પ્રજાનું દિલ જીતી લીધું છે. નેપાળ ચીન અને ભરાત વચ્ચેનો બફર સ્ટેટ છે. ચીન અને ભારત - બેઉના નાગરિકો નેપાળમાં વિઝા વગર હરીફરી શકે છે. ભારતીય સૈન્યમાં તો આખેઆખી ગુરખા બટાલિયન છે. વળી, છેક હમણાં સુધી નેપાળમાં રાજાશાહી હતી અને નેપાળ વિશ્વનું એક માત્ર હિન્દુ રાજય હતું. પરંતુ એ જ નેપાળ આપણી વિરૂદ્ધ ચાલી રહેલા આતંકવાદનું આશ્રયસ્થાન બની રહ્યું છે. ડ્રગ ટ્રાફિકિંગ - નશીલાં દ્રવ્યોની હેરાફેરી સાથે સંકળાયેલા તત્ત્વો માટે નેપાળ એ સ્વર્ગ બની ગયું છે. આ તમામ મર્યાદાઓ છતાં નેપાળ સાથે સંબંધો ભારત માટે ખૂબ અગત્યના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળને દસ હજાર કરોડ નેપાળી રૂપિયાનું અનુદાન જાહેર કરીને શુભેચ્છા દાખવી છે. એમને નેપાળનાં અંધારા ઉલેચવાનું વચન આપ્યું છે. એમને બહુ જ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે ભારત-નેપાળની અંગત બાબતોમાં દખલ દેવા નથી માગતું, પરંતુ પાડોશી રાષ્ટ્રને વિકાસકૂચમાં પોતાની સાથે જોતરવા ઉત્સુક છે. નેપાળના જ એક ભૂલા પડેલા છોકરાને મોદીએ 'ધર્મપુત્ર' લેખે ઉછેર્યો અને ચૌદ વર્ષ પછી એનાં માતા તથા પરિવારને સોંપ્યો, એ પણ કેવી ઉદાત્ત ચેષ્ઠા છે! ભારતના કોઈ વડાપ્રધાનને નેપાળના વડાપ્રધાન સામે ચાલીને ત્રિભુવન એરપોર્ટ પર રિસીવ કરવા ગયા હોય કે ઓગણીસ તોપોની સલામી આપી હોય - એવી ઘટના કદાચ આ પહેલી જ વાર બની હશે. પાકિસ્તાન અને ચીન જેવાં પાડોશી રાષ્ટ્રોએ જરૂર એની નોંધ લીધી હશે. મોદીને એમની આ સફળ વિજયયાત્રા બદલ અભિનંદન પાઠવીએ.

હીલવુડ સ્કૂલમાં 'ટેકનોફેસ્ટ ૨૦૧૪'નું આયોજન કરાયું

ગાંધીનગરની હિલવુડસ સ્કૂલમાં વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતી આંતરસ્કૂલ સ્પર્ધા 'ટેકનોફેસ્ટ ૨૦૧૪' ઉજવાઈ હતી. આ સ્પર્ધામાં

વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓને પોતાના વિજ્ઞાન અને ટેકનોલોજીના જ્ઞાન વડે સમાજના વિવિધ પાસાઓ શીખવાનો તથા તેમાં સુધારો લાવવાની ક્ષમતા કેળવવાનો મોકો મળે છે.

ટેકનોફેસ્ટ ફેસ્ટીવલ ચાર ભાગમાં વહેંચાયેલો છે. જેમાં વૈજ્ઞાનિક હસ્તક્ષેપ, સોફટવેર સ્કીલ, યંગ મેથેમેટીકસ અને સામાજિક સુધારણાનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક હસ્તક્ષેપમાં વિદ્યાર્થીઓ દ્વારા ઘણા નવા વિષયોના નમૂના બનાવવામાં આવ્યા હતા જેમાં મનોવિજ્ઞાન, વેસ્ટમાંથી બેસ્ટ અને ઈલેક્ટ્રોમેગ્નેટીક વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. સોફટવેર સ્કીલમાં મોબાઈલ એપ્લીકેશન, સોશ્યલ નેટવર્કીંગ અને ગૂગલ કલાઉડ કમ્પ્યુટીંગને આવરી લેવાય છે તો યંગ મેથેમેટીકસમાં ગણિતના વિવિધ દાખલા, અમદાવાદ-ગાંધીનગરના ભૌમિતિક નકશાઓ જેમાં ઉડી નમૂના સાથે બનાવાયા હતા.

રાજયકક્ષાએ લંગડી સ્પર્ધામાં બાલવાના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં જિલ્લા કક્ષાની લંગડી સ્પર્ધા રાયસણ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં બાલવાની શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ અંડર-૧૯ ગૃપમાં વિજેતા બન્યા છે.

રાજયનું બાળક રમત ગમત ક્ષેત્રે આગળ વધી દેશનું નામ રોશન કરે તે માટે શાળામાંથી જ રમતો યોજવામાં આવે છે. ગાંધીનગરના રાયસણ ખાતે જિલ્લા કક્ષાની લંગડી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જિલ્લાના અનેક ગામોની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારે બાલવાની સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ અંડર-૧૯ ગૃપમાં વિજયી બન્યા છે. સ્પર્ધામાં જયદીપ પ્રજાપતિ, વિનય ગોસ્વામી, મૌલિક ચૌધરી, સાહિલ ચૌધરી, સાવન પંચાલ સહિતના ખેલાડીઓ જોડાયા હતા. જેમાંથી પાંચ વિદ્યાર્થી રાજય કક્ષાએ પંસદગી પામ્યા છે તમામ ખેલાડીઓને વ્યાયામ શિક્ષક શૈલેષ પટેલ, આચાર્ય અર્જુનસિંહ પરમાર અને ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા છે.

હરિની દૃષ્ટિ...

આ ભાઈઓનું લીસ્ટ, મીઠાઈ અને રાખડી બધાંને યાદ કરી બાંધી દેવાની છે. ભલે એકવાર ખર્ચો થાય, જીવનમાં કોઇ ટેન્શન લેવા માંગતો નથી...!!

જેસીઆઈ ગાંધીનગરનો બ્રેઈન એમ્પાવરમેન્ટ વર્કશોપ

હવે, તમારૂ બાળક આંખે પાટા બાંધી રંગ, નંબર, આકાર ઓળખી બતાવશે

ગાંધીનગર, તા. ૪

પાંચ વર્ષનું બાળક જો આંખે પાટા બાંધી રંગ, નંબર, આકાર ઓળખે, સાયકલ ચલાવે, પુસ્તક વાંચે, ચિત્ર પણ દોરે તો ગજબ જ કહેવાય ને ? યસ, આ બધું જ શક્ય છે. બાળકમાં રહેલી સુષુપ્ત સક્તિને જાગૃત કરવા એક એવી જ અદ્‌ભૂત પદ્ધતિ વિકસાવાઈ છે અને એ માટેનો વર્કશોપ તા. ૨૩-૨૪ ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

ગાંધીનગરમાં અવનવાં પ્રોગ્રામ કરવામાં અગ્રેસર ટીમ જેસીઆઈ આ અદ્‌ભૂત કાર્યક્રમ લઈને આવી રહી છે. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસાર આ એક નવા જ અભિગમની પદ્ધતિના નિદર્શન સહ બાળકોમાં રહેલી અર્ધ જાગૃત યાદ શક્તિનો વિકાસ કરી એમને અન્ય બાળકોથી અલગ પાડી દે એવો કાર્યક્રમ લાવી રહ્યાં છે.

સર્જનાત્મકતામાં વધારો અને ડાબા-જમણા મગજના સમતોલન થકી બાળકને સ્માર્ટ બનાવવાના આ વર્કશોપમાં દર્શન મહેતા અને નિકુંજ શુકલા વિશેષ રસ લઈ પાંચ થી પંદર વર્ષના બાળકોને તેજ બનાવવાના કાર્યક્રમની તૈયારીમાં લાગ્યા છે. વધુ માહિતી માટે ગાંધીનગર સમાચાર વાંચતા રહેવાની અપીલ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ કરી છે.

દરેકને જીવનમાં સ્વયંસેવક બનવાની તક નથી સાંપડતી

અમદાવાદની એમ.બી. પટેલ મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય સેવા યોજના પ્રશિક્ષણ તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૪

જીવનના ઘડતર માટે એન.એસ.એસ.નું મહત્વ ખુબજ રહેલું છે. કોલેજ કાળની એન.એસ.એસ. પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ બહાર આવે છે. જેથી દરેક વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. શિબિરમાં જોડાવુ જોઈએ તેવું વિદ્યાપીઠના ડૉ. અરૂણભાઈ ગાંધીએ જણાવ્યુ હતુ.

અમદાવાદ એલીસબ્રીજમાં આવેલ મેનાબા બબાભાઈ પટેલ મહાવિદ્યાલયમાં રાષ્ટ્રીય સેવા યોજના પ્રશિક્ષણ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં મુખ્ય મહેમાન અને વક્તા તરીકે ડૉ. અરૂણભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજની વિદ્યાર્થિની રેખાએ સ્વયં સજે વસુંધરા સવાર દે... પ્રાર્થના રજુ કરી હતી.

કોલેજના પ્રિન્સિપાલ ડૉ. યોગેશ રાજગુરૂએ મહેમાનનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દરેકને જીવનમાં તક મળતી નથી. અને દરેકને નશીબમાં સ્વયંસેવક બનવાની ક્ષણ મળતી નથી. ત્યારે એન.એસ.એસ. શિબિરમાં યુવાનોએ જોડાઈ સાચા અર્થમાં યુવાન બનવું જોઈએ. શિબિર

એ સ્વ થી સમસ્તિ સુધી જવાનો માર્ગ છે ત્યારે આ માર્ગને આપણે આપણો માર્ગ બનાવવો જોઈએ અને રાષ્ટ્રના નિર્માણમાં આપણે જાગૃત બની સેવા આપવી પડશે.

પ્રશિક્ષણ તાલીમ શિબિરમાં એક એન.એસ.એસ.માં ઉપયોગી ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. જેની માહિતી પ્રો. પિયુષભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ ડાયરીમાં એન.એસ.એસ.ને લગતી તમામ માહિતી એકત્ર કરી શકાય છે. અને ત્રણ વર્ષના અંતે આ નાનકડી ડાયરી જીવનમાં ખુબજ ઉપયોગી બનશે. આ પ્રસંગે ડૉ. ભાગીરથીબેન ભટ્ટે મહાનુભાવોનો પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના ડૉ. અરૂણભાઈ ગાંધીએ વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ની માહિતી પુરી પાડી હતી. તેમણે પોતાની કોલેજકાળના ભૂતકાળને વાગોળ્યો હતો. જીવનમાં એન.એસ.એસ.નું મહત્વ ખુબજ રહેલું છે. શિબિરમાં ભાગ લેવાથી જીવન કેવી રીતે જીવવુ જોઈએ તેનો ખ્યાલ આવે છે. આજનો યુવાન ટેકનોલોજી સાથે કદમ મિલાવે છે. પરંતુ ટેકનોલોજી જીવન ઘડતરમાં ઉપયોગી થઈ સકતી નથી. માનવ સાથે વાત કરવા માટે પરસ્પર લાગણી જોઈએ અને તે શિબિરોમાંથી મળે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે એન.એસ.એસ. શિબિર ફક્ત આર્ટસ, કોમર્સ કે સાયન્સ કોલેજમાં નથી ચાલતી. જી.ટી.યુ. મેડિકલ અને આઈ.આઈ.ટી. જેબી કોલેજમાં પણ શરૂ કરવામાં આવી છે. શિબિરમાં જોડાયાનું પ્રમાણપત્ર યુનિવર્સિટી કક્ષાએ કામ આવે છે અને આવી શિબિરમાં એડવેન્ચર પ્રોગ્રામ, યુથ ફેસ્ટિવલ જેવા પ્રોગ્રામો થકી જીવન અને શિબિર રંગીન બને છે.

સમગ્ર કાર્યક્રનું સંચાલન પ્રો. લતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ કરતા પ્રો. સુરેશભાઈ નાયીએ શેર દોહરાવ્યો હતો અને કહ્યું હતું કે તારીફ ઈનકી કી જાતી હૈ...જીનકી કોઈ તારીફ હૈ. ઈનકી ક્યા તારીફ કરૂ... જો ખુદ એક તારીફ હો. અને તેમના આ શેરને વિદ્યાર્થીઓએ તાળીઓથી વધાવી લીધો હતો.

જ્ઞાનકુંભ - દર્શન મારૂ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩ની કોમનવેલ્થ દેશોના મહિલા બાબતોના મંત્રીઓની ૧૦મી પરિષદ ક્યાં યોજાઈ હતી ?
➜ **ઢાકા - બાંગ્લાદેશ**
૨. ૨૦૧૩માં વિશ્વના સૌથી શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ એરપોર્ટની યાદીમાં પ્રથમ સ્થાને કોણ રહ્યું છે ?
➜ **હોંગકોગ ઇન્ટરનેશનલ એરપોર્ટ**
૩. ૨૦૧૩ની ૭મી સિનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશીપ ક્યાં યોજાઈ હતી ?
➜ **શીરીફોર્ટ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, નવી દિલ્હી**
૪. ૨૦૧૩માં ૩૪મી સિનિયર રાષ્ટ્રીય તિરંદાજી ચેમ્પિયનશીપ ક્યાં યોજાઈ હતી ?
➜ **જે.આર.ડી. તાતા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, જમશેદપુર**
૫. ૨૦૧૩માં ૩૪મી સિનિયર રાષ્ટ્રીય તિરંદાજી ચેમ્પિયનશીપ કોને જીતી ?
➜ **દીપિકા કુમારી**
૬. તાજેતરમાં ભારતીય એથ્લેટિક્સ ફેડરેશને કેટલા રાજયોમાં એથ્લીટોને ૧ વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો ?
➜ **૬ રાજયો**
૭. તાજેતરમાં ઉત્તરપ્રદેશના કયા પાર્કમાં નેપાલી ગેંડાઓના પુનર્વસન માટે રાજય સરકારે મંજુરી આપી ?
➜ **દૂધવા નેશનલ પાર્ક**
૮. તાજેતરમાં કયા રાજયની વિધાનસભાએ 'એસ્મા'ની મંજુરી આપી છે ?
➜ **ઓસ્ટ્રેલિયા**
૯. એસ્માનું પૂરૂં નામ જણાવો ?
➜ **એસેન્સિયલ સર્વિસીઝ મેઇન્ટેન્સ એક્ટ**
૧૦. તાજેતરમાં કઈ વિદેશી બેંકને ભારતમાં બેંક શરૂ કરવાનું લાઇસન્સ મળ્યું છે ?
➜ **દોહા બેંક**
૧૧. તાજેતરમાં ASI ના સર્વે મુજબ મહિલા રોજગારીમાં ગુજરાતનું સ્થાન કેટલામું છે ?
➜ **૧૪મું**
૧૨. ૨૦૧૩માં ફોર્બ્સ મેગેઝીન દ્વારા સૌથી વધુ કમાણી કરનાર લોકોની યાદીમાં પ્રથમ સ્થાને કોણ છે ?
➜ **શેલ્ડન એડેલ્સન**
૧૩. તાજેતરમાં બીજી ભારત-ફિલિપાઈન્સની દ્વિપક્ષીય સહકાર અંગે સંયુક્ત પંચની બેઠક ક્યાં મળી હતી ?
➜ **મનીલા**
૧૪ તાજેતરમાં ક્યાં મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ટેકનિકલ શિક્ષણ તાલીમ અને સંશોધન પરિષદની રચના થઈ ?
➜ **માનવ સંશાધન વિકાસ મંત્રાલય**
૧૫. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિ રચવા સુપ્રીમે આદેશ આપ્યો છે તેના અધ્યક્ષ કોણ છે ?
➜ **મુકુલ મુદગલ**
૧૬. અમેરિકાની કંપની વોલમાર્ટ ભારતમાં તેની ભાગીદાર કઈ કંપનીની છૂટી પડી છે ?
➜ **ભારતી**
૧૭. તાજેતરમાં મૌલાના અબુલ કલામ આઝાદ ઈન્સ્ટીટયુટ ઓફ એશિયન સ્ટડીઝ અધ્યક્ષ પદે કોની નિમણૂંક થઈ ?
➜ **સીતારામ શર્મા**
૧૮. તાજેતરમાં ઓ.પી.સી.ડબલ્યુ તથા સંયુક્ત રાષ્ટ્રના સંયુક્ત મિશનના અધ્યક્ષ પદે કોની નિમણંક થઈ છે ?
➜ **સિગરિડ કાગ**
૧૯. તાજેતરમાં ભારત અને ફ્રાન્સે કયા ક્ષેત્રમાં સમજૂતીઓ કરી ?
➜ **વિજ્ઞાન અને ટેકનોલોજી**
૨૦. તાજેતરમાં બીજા આંતરરાષ્ટ્રીય પર્યટન હાટનો તવાંગમાં આરંભ થયો, તે તવાંગ કયા રાજયમાં આવેલું છે ?
➜ **અરૂણાચલ પ્રદેશ**

ભાઇ-બહેન અને ઉત્તમ મિત્રો

વિચારસભા

નેહલ જયદીપ ગઢવી

રક્ષાબંધન અને ફ્રેન્ડશીપ ડે લગભગ સાથે જ આવે છે. આમ જોવા જઈએ તો બાળપણથી જ દરેક વ્યક્તિનો સૌથી અંગત મિત્ર તેનો ભાઈ કે બહેનો હોય છે! માતાપિતા કરતાં પણ વિશેષ બંધન છે આ બાઈ-બહેનનું તેમાં લાગણી પણ હોય, મીઠી તકરાર પણ હોય તો સાથેસાથ દરેક નાની-મોટી સમસ્યાનું સમાધાન પણ હોય છે! બાળપણની આ ભલી-ભોળી જિંદગીમાં ભાઈ-બહેનના મીઠા તોફાનને કવિશ્રી બાલમુકુન્દ દવે કંઈક આ રીતે વર્ણવે છે કે,

પાછલા તે પહોલની ઊડી ગઈ નિંદરા,
સરવે ઊંઘે ને અમે જાગતાં જી રે;
ઓશીકાં ઉપર બે ઓઢાણી ધાબળા;
ચૂપચાપ ભાઈબહેન ભાગતાં જી રે.
બિલ્લીપગે તે અમે ઉઘાડ્યા આગળા,
બાપુને બા તે શું જાણતાં જી રે!
હાથમાં તે હાથ લઈ ભાગ્યા ઉતાવળાં,
ખુલ્લી હવાની મોજ માણતાં જી રે.
સોનેરી કોરની લાવીને વાદળી,
ચંદરવા ચાર કોર બાંધશું જી રે;
એની તે હેઠ અમે રહેશું બે ભાઈબહેન
ભાવતી રસોઈ રોજ રાંધશું જી રે.

કેવા સુંદર સંસારની કલ્પના ભાઈ-બહેન સાથે મળીને કરે છે! તેમનું નાનકડું વિસ્મય વિશ્વ! હેતપૂર્વક હળીમળીને આજીવન સાથે રહીને ભાવતા ભોજન કરવાં એ જ જાણે ભાઈ-બહેનના જીવનનું લક્ષ્ય હશે! નાનપણમાં ભાઈ-બહેનને હેરાન કરે, તેને ગુસ્સો કરે પણ આ જ ભાઈ મોટા થયા પછી બહેનનાં જીવનમાં નાની એવી તકલીફ પડે તે સહન કરી શકતો નથી! જરૂર પડ્યે તે આખી દુનિયાની સામે લડી પડે પણ પોતાની બહેનનાં આંસુ તે સહી શકતો નથી. કવિ સુંદરમ્ પોતાની આ રચનામાં ભાઈ-બહેન પ્રેમની અને લાડ - દુલારની વાત સુંદર રીતે વ્યક્ત કરે છે,

હું રે બનું, બેન! વાડીનમો મોરલો,
આંબાની કોયલ તું થારે, બેન!
તું મારી બેનને હું તારો ભાઈ.
હું રે બનું, રૂડો ડોલલિયો,
મીઠી ચમેલ ડી તું થા રે, બેન!
તું મારી બેન ને હું તારો ભાઈ.

સનતકુમાર ભટ્ટ ભાઈ-બહેનના આ અખૂટ સંબંધ અને તેમાંય બહેનનાં રહેલી વિશેષ કાળજી તેમજ લાગણીનું ઉદાહરણ આપતું એક દૃષ્ટાંત ટાંકે છે, ''ડુંગરનું ચઢાણ આકરુ હતું. યાત્રાળું સૌનાં મોં પણ થાકનાં ચિહ્ન દેખાતાં હતા. સૌ બોજારહિત થઈ ચાલતાં હતા, છતાં હાફતાં હતા. બધાની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો તો. કોઈને દયા આવી. પુછ્યું, ''અલી, છોડી, આ છોકરાને ઊંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો? છોકરીએ જવાબ આપ્યો, ભાર? - ના રે, એ તો મારો ભાઈ છે?''

ભાઈ-બહેનને સંબંધ એ એકમાત્ર એવો સંબંધ છે કે જેમાં એકબીજાની નબળાઈઓને સુધરવા દેવાની અને ન સુધરે ત્યાં સુધી ટકોર કર્યા કરવાની છૂટ હોય છે, અને તે પણ માઠું લગાડ્યા વિના! આજના આ આધુનિકયુગમાં આપણે ઘણા લોકોને એવી ફરિયાદ કરતાં સાંભળ્યા છે કે માણસમાં સંવેદનાઓ રહી નથી. ભાઈ-બહેનના સંબંદમાં જોકે એવું ભાગ્યે જ જોવા મળે પરંતુ, ખરો પ્રશ્ન આપણી વ્યસ્ત જીવનશૈલી છે. દરેક વ્યક્તિ પોતપોતાના કાર્યોમાં ગળાડૂબ હોય ત્યારે સ્વાભાવિકપણે એકબીજાને મળવાનું ઓછું થતું જોવા મળે છે. ભાઈ અને બહેન નાનપણમાં જે નિર્દોષભાવે સાથે મળીને એકબીજાથી સાથે મજાક-મસ્તી કરતા હોય તે સમજ જયાં દુનિયાદરી અને વ્યવહારિકતાના ભાર હેઠળ ક્યાંક દબાઈ જતી દેખાય છે! પરંતુ, એ જ ભાઈ કે બહેન બંનેમાંથી એક પણને જરૂર પડે ત્યારે બધા જ કામ, બધી જૉીજિ નેવે મૂકીને તેઓ તરત જ હાજર થઈ જ જાય છે! ડેનિયલ મઝગાંવકરે ટાંકેલું આ હૃદયસ્પર્શી - ખરેખરે વાંચવાલાયક છે - ''અમેરિકાના સીએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઓલેમ્પિક સ્પર્ધાનું આયોજન થતું હતું. જેમાં એક દિવસ એક જ પરિવારના નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે તૈયાર થયા. તે નવે ભાઈ-બહેન શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતા. તેમ છતાં તે નવ - ભાઈ બહેન ૧૦૦ મીટરની દોડ માટે એક કતારમાં ઊભાં રહી ગયા હતા. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું તો શું લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધા નીકળી પડ્યાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે તમામ દર્શકપણ આતુરતાથી જોઈ રહ્યા હતા!

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતા. પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો, નાનો હતો, રડવા લાગ્યો.

બીજા આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂક્યા હતા, તેમને નાનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં ભાઈ-બહેન પાછાં ફરી ગયા અને આ પડી ગયેલાં તેમના નાના ભાઈ તરફ ચાલવા માંડ્યા. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદત્વની શિકાર હતી. પોતાના નાના ભાઈ પાસે આવીને તેને નીચે નમીને તેનો હાથ પકડ્યો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતા એ બોલી, ''ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે.''

ત્યારબાદ ફરી એ તમામ ભાઈબહેન સાથે મળીને એકબીજાના હાથ પકડીને દોડતાં અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યા અને સૌએ સાથે મળીને દોરડું પાર કર્યું.''

હવે ઉપરોક્ત ઉદાહરણ પરથી જ એ વાત વિચારવી રહી કે નાનકડી જીવનરૂપી સ્પર્ધામાં આપણા માટે શું આપણી જીત જ સૌથી વધુ અગત્યની છે? કે તેનાથી વધુ જરૂરી બાબત છે ભાઈ-બહેન સાથે મળીને, એકબીજાને સહાયક બનીને અન્યને પણ જીતાડવાનો પ્રયત્ન કરવાનો છે. આ રીતે સહાયરૂપ બનવામાં આપણી ગતિ કદાચ ધીમી કરવી પડે કે આપણે આપણી રાહ થોડી બદલવી પડે તો પણ સાથે મળીને જીતવાનો આનંદ જતો કરવાનો નથી!

આજના આ જેટયુગમાં વિભક્ત કુટુંબોની ઘટમાળ વચ્ચે માતાપિતા બંને પોતાની જિંદગીમાં કારકિર્દી અંગે ચિંતિત હોવાને કારણે માત્ર એક જ બાળક પર્યાપ્ત હોવાનું માને છે. તો આવા સંજોગોમાં એક મિત્ર ભાઈ - કે બેનના આ ખાલીપાને ભરી શકે છે. કૃષ્ણ-સુદામા એ કોઈ સગા ભાઈ નહોતા છતાં પણ એકની તકલીફ કે પીડાથી અન્ય સારી રીતે વાકેફ હતા અને એ કારણે જ ઈતિહાસમાં એમની મૈત્રી અમર બની. ફેસબુક કે વોટ્સઅપના અનેક મિત્રો હોવા છતાં કોઈ એક પણ જો કૃષ્ણ-સુદામા સરીખો મિત્ર મળે તો એને ઓળખીને હંમેશ માટે પોતાની કરીબી મિત્ર માનવો જરૂરી છે! અને એવા મિત્રને મળવાનો આનંદ જો ખુદ ઈશ્વર પણ ટાળી શક્યા ન હોય તો આપણી તેમાં શું વિસાત? - પ્રેમાનંદે કૃષ્ણ-સુદામાના મેળાપને સુંદર શબ્દોમાં વર્ણવ્યું છે -

''મારો બાળસ્નેહી સુદામો રે,
હું દુખિયાનો વિસામો રે,
ઊઠી ધાયા જાદવરાય રે,
નવ પહેર્યા મોજાં પાય રે,
છબીલાજીએ છૂટી ચાલે રે,
દીધી દોટ તે દીનદયાળે રે;
સુદામે દીઠા કૃષ્ણદેવ રે,
છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે,
જુએ કૌતુક ચારે વર્ણ રે,
ક્યાં આ વિપ્ર? ક્યાં આ અશરણશર્ણ રે;
જુએ દેવ વિમાને ચડિયા રે,
પ્રભુ ઋષિજીને પાયે પડિયા રે,
શું બોલો વિસ્મય થઈ? હરિભક્તને ઓળખો નહિં,
બેસાડ્યા મિત્રને થય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી...''

કેટલાંક સંબંધો કે જે કોઈ પણ કાળે મીઠા અને આધાર રાખી શકાય તેવા ગણાય, તેમાં ભાઈ-બહેનનો સંબંધ અગ્રસ્થાને આવે છે. એ જ રીતે મિત્રો વચ્ચેના સંબંધ પણ હંમેશા લીલાછમ્મ રહે છે. સુખના કે સારા દિવસોમાં કદાચ મિત્રો વચ્ચે મુલાકાતો ઓછી થતી હોય તેમ બને પરંતુ, જયારે મુશ્કેલીનો સમય આવે ત્યારે એક મિત્ર બીજા મિત્ર માટે ઢાલ બનીને ઊભો રહે છે. જીવનમાં તમામ પ્રકારના ભૌતિક સુખો જરૂર મેળવીએ, દરેક ક્ષેત્રમાં પ્રગતિ પણ ચોક્કસ કરીએ, મનની ઉમ્મીદોને પામવા માટે ભલે આભ આંબવાના પ્રયાસો પણ કરીએ પરંતુ, આ દરેક સ્થિતિમાં કેટલાંક સંબંધોના નાજુક છોડની કાળજીપૂર્વક અને સ્નેહથી માવજત કરીએ તો એ આપણા વ્યક્તિગત તેમજ સામૂહિક હિતમાં છે. જેને સંસારમાં સુખ દુ:ખ વહેંચી શકે અને મનની વ્યથા જણાવી શકે તેવો એકપણ મિત્ર ન હોય તો તેને મળેલી ગમે તેટલી સુખ અને સાહ્યબી જીવનને ખરા અર્થમાં હર્યુભર્યું બનાવી શકે નહિં!